ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૮ ટકા ● સાંજે ૧૩ ટકા

# સે-૨૪ની મોબાઈલ શોપમાં ચોરી કરનાર બે ટીનએજર...!

## દુકાનનું શટર તોડીને રૂ. ૧.૩૮ લાખના મોબાઈલ ચોરી કરી ઘરે સંતાડી દીધા હતા : એકની ધરપકડ : એક ફરાર

ગાંધીનગર, તા.૧૧

ત્રણ દિવસ પહેલા શહેરના સેકટર-૨૪ ખાતે એક મોબાઈલ શોપનું શટર તોડી અંદરથી રોકડ રકમ તથા નવા નક્કોર મોબાઈલો મળી પોણા બે લાખનો અંદાજીત મુદ્દામાલ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આ ઘરફોડ ચોરીનો પર્દાફાશ કરી નાંખ્યો છે. શહેરમાં જ રહેતા બે ટીનએજરે શટર તોડી ચોરી કરી હોવાનું ખુલ્યું છે એક કિશોરની એલસીબીએ ધરપકડ કરી લઈ ચોરીના ૨૧ મોબાઈલ રીકવર કરી લીધા છે તો રોકડ રૂપિયા લઈને ગયેલા સગીર વયના તેના બીજા સાગરીતને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણે તેમની ટીમને મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તથા ગુનેગારોને શોધી કાઢવા સક્રિય થવા સુચના આપી હતી. પેટ્રોલીંગ, વાહન ચેકીંગ સઘન બનાવી ભૂતકાળમાં પકડાયેલા આરોપીઓને ચેક કરવાની કામગીરી ટીમે તેજ બનાવી છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ કે.જે. રાઠોડ તથા તેમની ટીમે સે-૨૪ ચોકડીથી આદીવાડા જતા માર્ગ પરથી એક કિશોરને પ્લાસ્ટીકની થેલી સાથે શંકાને આધારે પકડયો હતો. થેલી તપાસતા અંદરથી અલગ અલગ કંપનીના મોબાઈલો મળતા મોબાઈલો અંગે પુછતાછ કરતા સંતોષકારક જવાબ મળ્યો ન હતો. કડક પુછતાછ કરતાં આ મોબાઈલો ત્રણ દિવસ પહેલા રાત્રીના અરસામાં સે-૨૪ ખાતેની એક મોબાઈલ શોપમાંથી ચોરી કર્યા હોવાની કબુલાત કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરે કરી હતી. તેણે તેના અન્ય સગીર વયના સાગરીત સાથે મળીને ૮ તારીખે મધરાત્રે દુકાનના શટર નીચે પથ્થર ભરાવીને શટર તોડયું હતું અને દુકાનમાં ઘુસીને અંદરથી રૂ. ૧.૩૮ લાખની કિંમતના ૨૧ નંગ નવા મોબાઈલો અને રૂ. ૪૦ હજાર રોકડની ચોરી કરી હોવાની કબુલાત કરી છે. કિશોરે ચોરી કર્યા બાદ મોબાઈલો પોતાના ઘરે સંતાડીને મુકી રાખ્યા હતા અને રોકડ રૂ. ૪૦ હજાર તેના સાગરીતને આપ્યા હતા. ૨૧ મોબાઈલ રીકવર કરી લઈને કિશોર સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે ફરાર અન્ય ટીનેજર સાગરીતને શોધી કાઢવા એલસીબીની ટીમે વધુ તપાસ શરુ કરી છે.

**આઈ લવ માય ગાંધીનગર**



**પ્રદિપસિંહ પૃથ્વીસિંહ વાઘેલા**
સોશિયલ એક્ટિવિસ્ટ

**ગાંધીનગર ગમે**
આયોજિત શહેર, પહોળા રસ્તા, સુંદર મકાનો, શાંતિપ્રિય વાતાવરણને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**
અહીંનાં નગરજનો શાંતિપ્રિય, સુશિક્ષિત, સંસ્કારી તેમજ મિલનસાર સ્વભાવના છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગુંજ ફાઉન્ડેશન, જુસિકા, કલ્ચરલ ફોરમ, આપણું ફાઉન્ડેશન, હેપ્પી ટુ હેલ્પ અને વિદ્યા લાયબ્રેરીની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઝૂંપડપટ્ટી બંધ થાય અને લોકોની સુખાકારી વધે તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**
પ્રાથમિક શિક્ષણ સુધારણા અંતર્ગત પાયાનું શિક્ષણ, સંસ્કાર સિંચન, સ્વચ્છતા અભિયાન તેમજ વ્યસનમુક્તિ માટે સંપૂર્ણ સહયોગ આપવા હું તૈયાર છું.



બાળકોનો મનપસંદ તહેવાર એટલે હોળી. હોળી-ધૂળેટી પર્વમાં વિવિધ રંગોથી બાળકો તન-મનથી ભીંજાય છે. આજે સ્કૂલમાં બાળકોએ પોતાના મિત્રો સાથે સુકી હોળી એટલે કે પાણી વગર માત્ર રંગોથી રમીને ધૂળેટીની ઉજવણી શરુ કરી દીધી હતી.

# દાઉદે કોન્સ્ટેબલનો કોલર પકડીને બે લાફા ઝીંકી દીધા...!

## નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી અડાલજ પોલીસ સ્ટેશનની પીસીઆરમાં બેઠેલા કોન્સ્ટેબલે તુકારાથી બોલાવતા દાઉદ ખોખર 'દાઉદ' બની ગયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક અડાલજ પાસે મહારાજા હોટલ સામે ઉભેલા દાઉદે નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલા પોલીસ કોન્સ્ટેબલનો કોલર પકડી બે લાફા ઝીંકી દીધા હોવાની ઘટના ધ્યાને આવી છે. પીસીઆર વાન લઈને રાત્રે નીકળેલા કોન્સ્ટેબલે દાઉદ ખોખરને તુકારાથી બોલાવતા તેનામાં 'દાઉદ' સવાર થઈ ગયો અને ફડાકા ઝીંકી દીધા હતાં. દાઉદ સામે અડાલજ પોલીસ મથકમાં કોન્સ્ટેબલે ફરીયાદ આપતા પોલીસે તેની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના વટવા વિસ્તારમાં સ્થિત ગોલ્ડન સિનેમા પાસે રહેતો દાઉદ મઝીદ ખોખર ઉત્તર ગુજરાતના કોઈ ગામમાં ગયો હતો અને રાત્રે પરત અમદાવાદ જઈ રહ્યો હતો. અડાલજ મહારાજા હોટલની સામે ત્રણ રસ્તા પાસે રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં તે બેઠો હતો નાઈટ પેટ્રોલીંગમાં નીકળેલી અડાલજ પોલીસ મથકની પીસીઆર વાનમાં બેઠેલા કોન્સ્ટેબલ ગીરીરાજસિંહને તેના પર શંકા જતા તેને બુમ પાડીને બોલાવ્યો હતો. પોલીસની બુમ સાંભળી હોવા છતાં તે પોલીસ પાસે ગયો નહીં, કોન્સ્ટેબલ પીસીઆરમાંથી ઉતર્યા અને કહ્યુ કે તું કેમ ના આવ્યો? દાઉદે કહ્યું કે તમે કોણ? પોલીસ છો તો શું થયું? તમે તમારું કામ કરો હું મારું કામ કરું છું. બોલાચાલી થતા દાઉદે કોન્સ્ટેબલ ગીરીરાજસિંહનો કોલર પકડી લીધો અને ઓનડયુટી વર્ધીમાં હોવા છતા બે ત્રણ લાફા ઝીંકી દઈ શર્ટના બટન તોડી નાંખ્યા હતા. બીજી પોલીસે બંનેને છોડાવી દાઉદને ઉઠાવીને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. કોન્સ્ટેબલની ફરિયાદને આધારે દાઉદ ખોખર સામે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ પી.સી. સરવૈયાએ વધુ તપાસ શરુ કરી છે.

# સિવિલમાં રાત્રે આર.કે.એસ.ની ફી વસુલીની બારીઓ ખાલી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતી કાર્યરત છે. આ સમિતિ દ્વારા દર્દીઓ પાસેથી નિયત કરેલ લેબોરેટરીના ટેસ્ટ તેમજ એકસ-રે, સોનોગ્રાફી ના ચાર્જીસ વસુલવામાં આવે છે. ઈમરજન્સીમાં રાત્રીના સમયે આવેલા દર્દીઓને આર.કે.એસ.ની ફી વસુલીની બારીઓ ખુલી હોય છે. પરંતુ કર્મચારીઓ ના હોવાથી દર્દ થી કણસતા દર્દીઓને કલાકો સુધી રાહ જોવાની ફરજ પડે છે ત્યારે રાત્રીના સમયે પણ કર્મચારીઓ ઓફીસ પર હાજર રહે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. ઓપીડી તેમજ આઠ માળની ઈમારત દર્દીઓથી ઉભરાઈ રહી છે. જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા રોગી કલ્યાણ સમિતિ દ્વારા નિયત કરેલો ચાર્જ નિયત કરેલા ટેસ્ટ તેમજ એકસ-રે, સોનોગ્રાફીમાં લેવામાં આવે છે. આરકેએસનો ચાર્જ વસુલવા માટે કર્મચારીઓ પણ મુકવામાં આવ્યા છે. સવારથી સાંજ સુધી દર્દીઓની કતારને પગલે કર્મચારીઓ કયાંય પણ જઈ શકતા નથી. પરંતુ રાત્રીના સમયે ઈમરજન્સીમાં આવતા દર્દીઓને ડોકટર દ્વારા વિવિધ ટેસ્ટ તેમજ એકસ-રે, સોનોગ્રાફી કરાવામાં આવે છે. આ ટેસ્ટ પહેલા દર્દીના સગાએ આરકેએસની ફી ફરજીયાત ભરવી પડે છે. આ ફી ના ભરાય ત્યાં સુધી કોઈપણ દર્દીનો એકસ-રે લેવામાં આવતો નથી.તેવા સમયમાં દર્દીના સગા ફી ભરવા આરકેએસની બારી પર જતા હોય છે. પરંતુ કર્મચારીઓ ચા પીવા ગયા છે હમણા આવશે. આ કર્મચારીઓનો અડધો કલાક એટલે એ પોત જ જાણે...બાકી દર્દીના સગા જોડે વિકલ્પ ન રહેતા રાહ જોવે છે. જયારે કેટલાક સગા રીતસરના ઝઘડતા હોય છે. હોસ્પિટલમાં આરકેએસમાં કામ કરતા કર્મચારીઓ રાત્રીના સમયે હાજર રહે તેવી માંગ દર્દીના સગાઓમાં ઉઠવા પામી છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં આજરોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ જી/નીટનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓના પરીણામનું પૃથ્થકરણ કરી પરિણામ સુધારણા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



# ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા ઓછી આવક જુથના નવા આવાસો બંધાશે

## ફોર્મ ભરવાની મુદત હવે ૩૧ માર્ચ સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા વિશ્વ વિખ્યાત અડાલજની વાવથી તદ્દન નજીક યુજીવીસીએલ પેટા વિભાગ તથા રામચંદ્ર મિશનને અડીને સરખેજ ગાંધીનગર હાઈવે જેવા પોશ વિસ્તારમાં ઓછી આવક જુથના લોકો માટેની ઘરના ઘરની યોજના અમલમાં મુકવામાં આવી છે. જમાં બે બેડરૂમ, હોલ, કિચન, ટોયલેટ બાથરૂમ, સહિતની સગવડોવાળુ ૪૫ થી ૫૦ ચોમી કારપેટ એરીયા ધરાવતું આઠ માળ વાળુ, લીફટ અને પાર્કિંગની અદ્યતન સુવિધા વાળુ અને તે પણ ગેસ લાઈનની સગવડ સાથે અંદાજે રૂ. ૧૧ લાખની કિંમતમાં તૈયાર થનાર આવાસો માટે ફોર્મનું વિતરણ અને સ્વીકાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વિવિધ શાખાઓ દ્વારા કરવામાં આવે છે. જેના ફોર્મ વિતરણની તારીખ ૯-૨-૨૦૧૭થી તા. ૪-૩-૨૦૧૭ રાખવામાં આવી હતી પરંતુ બહોળા પ્રતિસાદ અને આમ નાગરિકોની રજુઆતને ધ્યાને લઈ ફોર્મ વિતરણ તથા સ્વીકારની તારીખ લંબાવવામાં આવેલ છે. ફોર્મ વિતરણ કરવા આગામી તા. ૨૦-૩-૨૦૧૭ સુધી અને તારીખ ૩૧-૩-૨૦૧૭ સુધી ફોર્મ પરત સ્વીકારવામાં આવશે.

# ગ્રીનસીટી વસાહત મંડળ દ્વારા પ્રાણ પ્રશ્નોનો ઉકેલ લાવવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ગ્રીનસીટી વસાહત મંડળ દ્વારા સ્થાનિક પ્રશ્નોના ઉકેલ બાબતે ચીમકી ઉચ્ચારવામાં આવી છે. વારંવાર લેખિત, મૌખિક અને સ્થળ મુલાકાત કરી રજુઆતો કરવા છતાં આજ દિન સુધી ઉકેલ ન આવતા આગામી વિધાનસભાના ચૂંટણીના પરીણામોમાં માઠી અસરનો સામનો કરવો પડશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ન્યુ ગ્રીનસીટી વસાહત મંડળ દ્વારા સ્થાનિક પ્રશ્નોના ઉકેલ લાવવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે પણ કોઈ પણ નિરાકરણ આવ્યું નથી. સાથે પ્રાથમિક અને માળખાકીય સુવિધા અને મરામતની જાળવણી મહાનગર પાલિકા કે પાટનગર યોજના વિભાગ હસ્તક કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ બાબતે નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલને રજુઆત કરવા છતાં અધિકારીઓ આદેશને ઘોળીને પી ગયા હોય તેવું લાગે છે. જેથી ગ્રીન સીટી વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહે નાયબ મુખ્યમંત્રી, ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલને પણ આ પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. ત્યારે ઉકેલ લાવવાની ખાત્રી આપવામાં આવી હતી. પણ વસાહતીઓ ને ઠાલા વચનોથી સંતોષ માનવાનો વારો આવ્યો છે ત્યારે વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહ દ્વારા આગામી વિધાનસભા ચૂંટણીમાં માઠી અસર જોવા મળશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# નવી પેઢીના યુવાઓએ 'વુમન એમ્પાવરમેન્ટ'માં પોતાનું યોગદાન આપ્યું

## 'સ્ત્રીશક્તિ' દિવસે લાયોનેસ કલબ દ્વારા યોજાયેલ કાર્યક્રમ 'વુમનોલોજી એન્ડ ટેકનોલોજી'માં બેંક તેમજ વિદ્યાર્થી યુવાઓ માર્ગદર્શક બન્યાં







ગાંધીનગર, તા. ૮

આજના યુગની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને લાયોનેસ કલબ દ્વારા 'વુમનોલોજી એન્ડ ટેકનોલોજી' કાર્યક્રમ યોજાયો હતો. બહેનોએ મોબાઈલના વધુ ફાયદાકારક ઉપયોગો અને એમને પડતી મુશ્કેલીઓની સમજણ માટે એલ.ડી.આર.પી.ના એન્જિનિયરીંગના વિદ્યાર્થી મિત્રોએ તેમનો કિંમતી સમય ફાળવ્યો હતો અને મોબાઈલ ફોન વિશે વિવિધ જાણકારીથી વ્યક્તિગત રીતે બહેનોને સમજણ આપવામાં આવી હતી.

બેંક ઓફ ઈન્ડિયાના સહયોગ થકી બહેનોને ઈન્ટરનેટ બેંકીંગ તેમજ ડિઝીટલ બેંક અને અન્ય કાર્ડસની જાણકારી સાથે બચત કરવા પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમમાં હાજર એજીએમ પુષ્પા ચૌધરીએ પોતાના વકતવ્યમાં બહેનોને સ્વ વિકાસની પ્રેરણા આપી હતી. આ તબક્કે હાજર લાયન પ્રેસીડન્ટ નિમેષ રાવલે જણાવ્યું હતું કે, સ્ત્રી હંમેશા શક્તિ સ્વરૂપા અને વંદનીય છે. સ્ત્રી એ સમાજ અને કુટુંબનું કેન્દ્રબિંદુ છે.

પ્રોજેક્ટ ચેરમેન અને ભૂતપૂર્વ પ્રમુખ મમતાબેન રાવલે કાર્યક્રમનો હેતુ જણાવતા કહ્યું, સ્ત્રીઓએ સમય સાથે ચાલવાનું છે અને એટલે જ ટેકનોલોજીને અપનાવવી જરૂરી છે. સ્ત્રીએ એના સુધી પહોંચવું પડશે. કાર્યકારી પ્રમુખ મિનાક્ષી જયસીંઘાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા આભારવિધીની ફરજ સેક્રેટરી મિત્તલ રાણાએ નિભાવી હતી.

આ પ્રસંગે પૂર્વપ્રમુખ મીનાબેન ત્રિવેદી, રીટાબેન સોલંકી, કો-ચેરપર્સન વૈશાલી જોષી અને કલબ તેમજ અન્ય બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વરિષ્ઠ મહિલા અગ્રણી લત્તાબેન ચોકસી, શર્મિષ્ઠાબેન દવે, જે.સી.આઈ. પ્રમુખ પરાગી ગાંધીની હાજરી પ્રોત્સાહક રહી હતી. જલારામ મહિલા મંડળના સભ્યશ્રીઓએ પણ કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં સુરક્ષા સેતુ સોસાયટી તેમજ મહર્ષિ ફાઉન્ડેશનનો સહયોગ સાંપડયો હતો.

## સ્કાઉટ-ગાઈડનો થેન્કસ બેઈઝનો રાજયપાલનો એવોર્ડ યુવરાજસિંહ વાઘેલાને અર્પણ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘનો પુરસ્કાર સમારોહ તાજેતરમાં રાજભવનમાં યોજાઈ ગયો. વર્ષ ૨૦૧૬-૧૭ના સ્કાઉટ એન્ડ ગાઈડનો થેન્કસ બેઈઝનો રાજયકક્ષાનો પુરસ્કાર યુવરાજસિંહ વાઘેલાને ઉચ્ચ કક્ષાની સ્કાઉટ એન્ડ ગાઈડની સેવાઓ બદલ એનાયત કરવામાં આવ્યો છે. યુવરાજસિંહ અર્જુનસિંહ વાઘેલાને વર્ષ દરમિયાનની સર્વોત્તમ સેવાઓ બદલ રાજભવન ગાંધીનગર ખાતે માનનીય રાજયપાલ મહામહીમ ઓ.પી. કોહલીના વરદ હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સમારોહ અંતર્ગત ઈન્દ્રવદન પંડયાને પણ સિનિયર સિટીઝનનો એવોર્ડ તથા કમલેશકુમાર ઉપાધ્યાયને પણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પોર પાસેથી દારૂની હેરાફરી કરતી રીક્ષા પકડાઈ : દેશી દારૂનો જથ્થો જે મહિલા બુટલેગર પાસેથી મળ્યો હતો તે ફરાર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક પોર ગામની સીમમાંથી દેશી દારૂનો જથ્થો રીક્ષામાં ભરીને અમદાવાદના ત્રણ બુટલેગરો દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. બાતમી મળતા અડાલજ પોલીસે દરોડો પાડી રીક્ષા પકડી પાડી હતી. રીક્ષામાંથી ૨૨ લીટર દેશી દારૂની પોટલીઓ મળી આવી હતી. પોલીસે ચાંદખેડા રેલવે ફાટક નજીક રહેતા અર્જુનજી ભવાનજી ઠાકોર, ગલબાજી ઠાકોર અને મધુબેન ઠાકોરની ધરપકડ કરી પુછપરછ કરતા પોર ગામની મહિલા બુટલેગર શોભના ઠાકોરને ત્યાંથી દારૂ લાવ્યા હોવાનું ખુલ્યું હતું. પોલીસ પોરમાં પહોંચી ત્યાં સુધીમાં તે ફરાર થઈ ગઈ હતી. અડાલજ પોલીસે તેની શોધખોળ આરંભી છે.

**@ગાંધીનગર**

● આદ્ય શકિત સાંસ્કૃતિક મંડળ સે-૭-ડી ગાંધીનગર દ્વારા આદ્યશકિત ચોકમાં સાંજે સાડા સાત વાગે પરંપરાગત રીતે હોળી પ્રગટાવવામાં આવશે.

● 'સર્જક સાથે ગોષ્ઠિ' કાર્યક્રમ સે-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાશે.

● શહેરના લિંબચ ધામ સે-૧૩ ખાતે મહાઆરતી સાંજે ૬.૪૫ કલાકે યોજાશે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ તેમજ ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા 'બાલ સાહિત્ય અને આપણે' વિષય પર વકતવ્ય નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

● દિગ્મ્બર જૈન સમાજ ભવન એમએલએલ કવાટર્સની બાજુમાં સે-૨૧ ખાતે સવારે ૮.૩૦ કલાકે સમાજ સમરસતા વિષય પર પ્રવચન યોજાશે.

## પ્રાથમિક સારવારની ટ્રેનિંગ અપાઈ

બેંક ઓફ ઈન્ડિયા સે-૧૬ ગાંધીનગર શાખા ખાતે ગત તા. ૯-૩-૨૦૧૭ના રોજ બેંક ઓફ ઈન્ડિયામાં ફરજ બજાવતા જિલ્લાના તમામ કર્મચારી/અધિકારીઓ માટે ફર્સ્ટ એડ (પ્રાથમિક સારવાર)ની ટ્રેનીંગ રાખવામાં આવી હતી. આ ટ્રેનીંગમાં આશરે ૩૦ જેટલા કર્મચારી/અધિકારીઓએ ભાગ લીધો હતો. આ ટ્રેનીંગ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના ટ્રેનર ડૉ. હાર્દિક તલાટી દ્વારા આપવામાં આવી હતી.

## આજે મહાત્મા મંદિર ખાતે દાંડી રેલી આવશે

ગાંધીનગર, તા.૧૧

દાંડી મ્યુઝીયમ દ્વારા તા.૧૨ માર્ચને રવિવારના રોજ બાઈક રેલીનું આયોજન કરાયું છે. અમદાવાદ દાંડી બ્રીજથી સવારે ૮ કલાકે બાઈક રેલીને ફ્લેગ માર્ચ આપવામાં આવશે. ત્યાંથી પ્રારંભ થયેલ રેલી ગાંધીનગર મહાત્માં મંદિર ખાતે સમાપન થશે. અમદાવાદથી અંદાજીત ૩૫૦ જેટલા બાઈક ચાલકો હેલ્મેટ સાથે જોડાશે. જયારે સવારે ૧૦ કલાકે રેલી મહાત્મા મંદિર ખાતે આવી પહોંચશે. અમદાવાદ દાંડી બ્રીજથી મહાત્મા ગાંધીએ મીઠાના સત્યાગ્રહ માટે દાંડી યાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ યાત્રા દ્વારા ગાંધીજીના મુલ્યો અને આદર્શોથી હાલની પેઢી જાગૃત થાય અને સત્યાગ્રહથી વાકેફ થાય તે હેતુંથી કરવામાં આવેલ છે.

## ચિલોડામાં રસોઈ બનાવતા દાઝી ગયેલી મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક ચિલોડા મોટા ગામની સીમમાં આવેલા સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ પાસેના છાપરામાં રહેતી ૩૪ વર્ષીય પરિણીતા મુન્નીબેન ભુરાભાઈ દેવીપુજક સપ્તાહ પહેલા દાઝી ગઈ હતી. રસોઈ બનાવતા પ્રાઈમસમાંથી જાળ કપડે લાગતા દાઝી ગયેલી પરિણીતા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. સારવાર દરમિયાન તેણીનું પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ગુનાની વધુ તપાસ આરંભી છે.

## ચિરવિદાય

- સ્વ. ચંપાબેન જયરામભાઈ તૈરૈયા, ઉ.વ. ૯૨
- સ્વ. દંતાણી શાંતિબેન બાજુભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. શાંતાબેન નરેન્દ્રભાઈ પરમાર, ઉ.વ. ૬૦